જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૪/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૮૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૭૨	૫	૧૧૩૭૭	૧૭૪૯૨	૫	૧૭૪૯૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૬	૦	૭૬	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૪૫૧૭	૩૩૭	૩૪૮૫૪	૩૫૮૩૭	૩૧૮	૩૬૧૫૫
કુલ		૫૦૬૭૦	૩૪૨	૫૧૦૧૨	૫૯૮૪૪	૩૨૩	૬૦૧૬૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૭	૮,૨૩,૧૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૯૯	૧૪,૯૯,૦૦૦/-

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન

જુગાર રમી રમાડતા આઠ ઇસમોને કુલ્લે રૂપિયા ૧,૫૬,૨૪૦/- મુદ્દામાલ સાથે ઝડપી લેતી શાહપુર સર્વેલન્સ સ્કોડની ટીમ

માનનીય પોલીસ કમિશ્નર સા. શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ નાઓ તરફથી પ્રોહી/જુગારની બદી નેસ્તનાબુદ કરવા સારૂ આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૦૨ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "સી" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ શાહપુર પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એચ.વાળા, સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોર્ડની ટીમના માણસો સાથે રાત્રી કરફ્યુ અમલવારી અંગે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા જે દરમ્યાન **પો.સ.ઈ એસ.આર.બલાત તથા પો.કો. યુનુસખાન મુનાવરખાન બ.નં.૮૬૫૪ નાઓને સંયુકત રીતે ખાનગી બાતમી હકિકત મળેલ કે**, " શાહપુર હલીમની પટ્ટીમાં આવેલ ચંદનવીલા અંદર પહેલા માળે પુર્વેશ ભરતભાઈ ઠક્કર નામના ઇસમના પોતાના રહેણાંક મકાનમાં પોતાના આર્થિક ફાયદા સારૂ બહારથી માણસો બોલાવી ગ્રાહકો પાસેથી નાળના નાંણા ઉધરાવી ગોળ કુંડાળુ વળી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડે છે અને હાલમા જુગાર રમવાનુ ચાલુ છે." જેવી ચોક્કસ બાતમી હકીકત આધારે ઉપરોકત જગ્યાએ જઈ રેઈડ કરતા ઉપરોકત જગ્યાએ સાત ઈસમો ભેગા મળી કુંડાળું વળી ગંજી પાના વડે પૈસાની હારજીત નો તીન પતી નો જુગાર રમતા હોય જે તથા જુગાર રમાડનાર પુર્વેશ ભરતભાઇ ઠક્કર નાઓ નાળના નાણા લઈ પોતાના ઘરમા જુગારનો અખાડો ચલાવી જુગાર રમી રમાડતો રેઈડ દરમ્યાન મળી આવતા જેઓ પાસેથી રોકડ નાણા રૂપીયા ૧૭,૮૦૦/- તથા દાવના નાણા રૂપીયા ૧,૪૪૦/- તથા નાળના નાણા ૨,૦૦૦/- મળી કુલ રોકડ નાણા ૨૧,૨૪૦/- તથા ગંજીપાના નંગ-૫૨ કિં.રૂ.૦૦.૦૦/- તથા મોબાઇલ નંગ ૦૮ કિં.રૂ.૩૫,૦૦૦/- તથા એક ઇંડીગા વીસ્ટા ફોર વ્હિલર ગાડી નં-GJ-23-M-2136 ની જેની આશરે કિ.રૂ.૧,૦૦,૦૦૦/- ગણી શકાય તે મળી કુલ્લે કિં.રૂ.૧,૫૬,૨૪૦/-ના મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી પ્રશંસનીય કામગીરી કરેલ છે.તા.૧૬/૦૪/૨૦૨૧.

આ કામગીરી કરનાર ટીમ :-

(૧) પોલીસ ઈન્સ્પેકટર આર.એચ.વાળા (૨) પો.સ.ઈ. એસ.આર.બલાત (૩) મ.સ.ઈ ઈસ્માઈલભાઈ ઈકબાલભાઈ (૪) અ.હે.કો જાવેદખાન અખ્તરખાન (૫) પો.કો. યુનુસખાન મુનાવરખાન (૬) પો.કો. રણછોડભાઈ નેથીજી (૭) પો.કો. વનરાજભાઈ ભરતભાઇ (૮) પો.કો. રવિન્દ્રકુમાર હદયરામ (૯) પો.કો હરપાલભાઇ દીપસંગભાઇ (૧૦) પો.કો. જીતેશકુમાર રમેશભાઈ (૧૧) પો.કો. ગીરીશકુમાર પુંજાલાલ (૧૨) પો.કો જીગ્નેશકુમાર ભવાનભાઈ (૧૩) પો.કો શૈલેષભાઇ ગોવિંદભાઇ (૧૪) પો.કો અક્ષયકુમાર દશરથલાલ

પકડાયેલ આરોપીઓના નામ :

(૧) પુર્વેશભાઈ S/O ભરતભાઇ ઠક્કર ઉ.વ.૩૦ ધંધો.નોકરી રહે-ઘ.નં-૨૪૬૪, શ્રી ચંદન વિલાસનુ ડહેલુ, ત્રીપાઠીહોલની પાછળ, હલીમની ખડકી રોડ, શાહપુર, અમદાવાદ શહેર (૨) મોહમદ ઈસ્તિયાક સ/ઓ મો.ઈલ્યાસ અંસારી ઉ.વ.૫૧ ધંધો. છુટકમજુરી રહે.ઘ.નં-૪૩, ગ્રીનની ચાલી, રખીયાલ પોલીસ સ્ટેશનની બાજુમા, રખીયાલ, અમદાવાદ શહેર (૩) ગફુરભાઈ સ/ઓ અમીરભાઈ પરાલીયા ઉ.વ.૪૦ ધંધો. છુટક મજુરી રહે-ઘ.નં-૪૮, અલફારુક સુકુન સોસાયટી, સરખેજ પોલીસ સ્ટેશનની પાસે, અમદાવાદ શહેર (૪) ઈસ્માઈલભાઈ સ/ઓ ઈબ્રાહીમભાઈ કુરેશી ઉ.વ.૫૦ ધંધો.નોકરી રહે.મ.નં.૪૦૩/બી, ડાયમંડ ફલેટ, શાહપુર, અમદાવાદ શહેર (૫) નાસીરખાન ઈનાયતખાન પઠાણ ઉ.વ.૫૦ ધંધો. છુટકમજુરી રહે. મ.નં. એ/૧૧, માઝ રો હાઉસ, ફતેહવાડી, વેજલપુર, અમદાવાદ શહેર (૬) હબીબ સ/ઓ રહેમાનભાઈ રાજાણી ઉ.વ-૩૭ ધંધો.ડ્રાઈવીંગ રહે-મોહમદ યાસીન સોસાયટી, ભરતનગર, સરખેજ, અમદાવાદ શહેર (૭) મનોજકુમાર સ/ઓ વિરેન્દ્રપ્રતાપસીહ છત્રી ઉ.વ-૪૨ ધંધો.નોકરી રહે-મ.નં.૪૮,પંચનાથ સોસાયટી, ગાયત્રી સ્કુલની બાજુમા, નિકોલ, અમદાવાદ શહેર (૮) ભરતસીહ ખોડુભા ઝાલા ઉ.વ-૫૦ ધંધો.નોકરી રહે-મ.નં.૫૨૪/૩ ૨૦૧, બાપુનગર પોલીસ સ્ટેશન પાછળ, બાપુનગર, અમદાવાદ શહેર.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૮૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૪૯ લીટર દેશી દારૂ, ૫૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર, ૧ મોટર સાયકલ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૪,૧૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૮૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- **સમાચાર યાદી નં.૬૮૯/૨૦૨૧**

ગોમતીપુરઃ નંદુભાઇ રામજીભાઇ ગોહીલ (ઉ.વ.૫૦) (રહે. પ્રેરણા સોસાયટી સ્વસ્તીક બંગ્લોઝ પાસે ઔડાના મકાન સામે ગોમતીપુર) એ તા.૧૫/૦૪/૨૦૨૧ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ફેસબુક ઉપર અજાણી વ્યક્તિએ બુલેટ નંબર જીજે ૧૬ સીજી ૪૮૧૫ વેચાણમાં મુકેલ હોઈ નંદુભાઈ ગોહીલે બુલેટ ખરીદ કરવા માટે તા.૧૮/૦૩/૨૦૨૧ ના રોજ સંપર્ક કરતા મોબાઈલ નંબર ૮૦૯૯૨૪૬૬૦૬ ના ધારકે ભરૂચ ખાતે આર્મિમેનની ઓળખ આપી મોહનસિંહ રાજપુત નામ જણાવી વેચાણમાં મુકેલ બુલેટના રૂપિયા ૬૦,૦૦૦/- નક્કી કરી નંદુભાઈ ગોહીલ પાસેથી રૂપિયા ૫૫,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ બુલેટ નહી આપી મોબાઈલ ફોન બંધ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.બી.ટંડેલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૯૦/૨૦૨૧**

નારોલઃ હિમાંશુ સ/ઓ જયસુખભાઇ ગોહિલ (ઉ.વ.૨૪) (રહે. આકૃતિ ટાઉનશીપ સમૃધ્ધિ રેસીડેન્સી પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૪/૨૦૨૧ કલાક ૧૦/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિહ ભગવતસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી